જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૨/૦૮/૨૦૨૩ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૭૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૩૬૧ લીટર દેશી દારૂ, ૨૦૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૬૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૪૦ બિયર ટીન, ૨ રિક્ષા, ૦૧ કાર, ૦૧ મોટર સાયકલ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૮ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૭,૬૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૭૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડી અને વિશ્વાસઘાતઃ- સમાચાર યાદી નં.૧૩૮૦/૨૦૨૩

**રાણીપઃ** દક્ષભાઇ કમલેશભાઈ પટેલ (ઉ.વ.૩૧)(રહે.પ્રગટ ઘનશ્યામ સોસાયટી, રામજી મંદિર પાસે, કાશીબા રોડ, રાણીપ) એ તા.૨૧/૦૮/૨૦૨૩ ના રોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૧૦/૨૦૨૨ થી તા.૨૧/૦૮/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન રાણીપ કાશીબા રોડ, પ્રગટ ઘનશ્યામ સોસાયટી, રામજી મંદિર પાસે “નોબલ સ્ટીલ કોર્પોરેશન” ખાતે આરોપી(૧) સંજીવકુમાર જ્ઞાનચંદ ગુપ્તા અને (૨)જીનેશ સંજીવકુમાર ગુપ્તા (બંને રહે. સહજાનંદ અપસ્કેલ, કોનાર્ક કરિશ્મા ટાવર પાસે, વસ્ત્રાપુર) એ દક્ષભાઇ પાસેથી ઓક્ટોમ્બર/૨૦૧૮ થી ટી.એમ.ટી.બાર, એમ.એસ.એંગલ, એમ.એસ.ચેનલ, એમ.એસ.બીંબ, એમ.એસ.રાઉન્ડ, એચ.આર.સી., સી.આર.સી. નો અલગ-અલગ માલ ખરીદ કરી, માલના નાણા નિયમિત ચુકવી દક્ષભાઇનો વિશ્વાસ કેળવી, દક્ષભાઇ પાસેથી કુલ કિંમત રૂપિયા ૧,૧૮,૨૭,૫૪૬/- નો માલ ખરીદ કરી માલ પેટે રૂપિયા ૧૦ લાખ ચેકથી ચુકવી, બાકી નિકળતા કુલ રૂપિયા ૧,૦૮,૨૭,૫૪૬/- આજદીન સુધી નહી ચુકવી દક્ષભાઇ સાથે વિશ્વાસઘાત અને છેંતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.ડી.ગોહિલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૮૧/૨૦૨૩**

**સોલા હાઇકોર્ટઃ** જય સ/ઓ અમરતભાઈ રાઠોડ(ઉ.વ.૧૮)(રહે,રાવજીકાકાનગર સોસાયટી, રણછોડ નગરની બાજુમાં, ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૮/૨૦૨૩ કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકના મકાનના ઉપરના માળે છતમાં લગાવેલ હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મિતેષસિંહ નટવરસિંહ ચલાવે છે.

**સરદારનગરઃ** ભારતીબહેન શીવાભાઇ સોલંકી (ઉ.વ.૨૦)(રહે.નહેરૂનગરના છાપરાં કૈવલ કચોરી પાસે કુબેરનગર) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૮/૨૦૨૩ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકના મકાનના લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બાબુભાઇ કાનજીભાઇ ચલાવે છે.

**નારોલઃ** (૧) રમીલાબહેન વા/ઓ મોહનભાઇ ગોહેલ (ઉ.વ.૫૫)(રહે.આંબેડકરવાસ જુની પાણીની ટાંકી પાસે શાહવાડી ગામ નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૮/૨૦૨૩ રાતના ૮/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી છે. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.એ.ઘાસુરા ચલાવે છે.

**નારોલઃ** (૨) હીતેષભાઇ ભાનુભાઇ શ્રવણ (ઉ.વ.૪૯)(રહે.ઉમંગ ફ્લેટ-૦૮, હાઇ-ફાઇ ચાર રસ્તા પાસે, રંગોલીનગર, નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૮/૨૨૩ સવારના ૯/૪૦ વાગ્યાના સુમારે પોતાના મકાનના છઠ્ઠા માળની ગેલેરીમાંથી નીચે ઝંપલાવતા આર.સી.સી ઉપર પડતા શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આણંદભા આપાભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી